શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૮૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
Rs. 3700/- Rs. 1500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
- કીડની તપાસ (Kidney Test) Creatinine, Blood Urea, Phosphorus, Electrolytes (Na+,K+CL-), Uric Acid, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test - ન્યુટ્રીયન તપાસ (Vitamin B12)
- છાતીની તપાસ (Chest X-Ray) - હૃદયની તપાસ (Cardiac Test) ECG
- દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડોકટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

પંચકર્મ-અગ્નિકર્મ-વેદનકર્મ-મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અઠ્ઠુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ તેરસ રવિવાર ૨૨ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

'ઓપરેશન સિંદૂર'માં ચીને પાકિસ્તાનને મદદ કરી: અમેરિકી સમિતિ

ભારતીય લશ્કર ચીની ડ્રોન્સ અને તેમના ભાગો ખરીદી રહ્યું છે!



ડ્રોન ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા સંરક્ષણ મંત્રાલય સમક્ષ કરવામાં આવેલી રજૂઆત, પુરાવા પણ રજૂ કરાયા

લશ્કરને ભારતીય બનાવટના ડ્રોન જ ખરીદવાની સૂચના આપવાની કરાયેલી માગ

નવી દિલ્હી, તા. 21: ભારતીય લશ્કરના ઘણા એકમો ચીની ડ્રોન્સ અને તેના ભાગોની ખરીદી કરે છે એમ ભારતના ડ્રોન ઉદ્યોગ જગતે સંરક્ષણ મંત્રાલય અને સીડીએસ સમક્ષ વિગતવાર કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું અને આ લશ્કરી એકમો દ્વારા ૨૦૨૧થી ૨૦૨૬ વચ્ચે આ માટે જારી કરાયેલા જાહેરમાં ઉપલબ્ધ એવા ટેન્ડરો પણ દર્શાવ્યા હતા.

20 નવેમ્બરના રોજ ડ્રોન ફેડરેશન ઓફ ઇન્ડિયા(DFI) દ્વારા આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી, જે ideaForge, Aereo અને અન્ય સહિત 550 થી વધુ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતી ઉદ્યોગ સંસ્થા છે. આ સંસ્થાએ સંરક્ષણ મંત્રાલયને આગ્રહ કર્યો કે સંરક્ષણ એકમો અને સંસ્થાઓને ચીની ડ્રોનના ઘટકો ન ખરીદવા માટે "કડક એડવાઇઝરી જારી" કરવામાં આવે અને તેના ભારતીય વિકલ્પોને પ્રાથમિકતા

...અનુસંધાન પાના 11 પર

ભારતના ઉદયને દબાવવા સરહદ પર દબાણ અને સપ્લાય અવરોધની રણનીતિ

સંસદને સોંપેલા અહેવાલમાં અમેરિકાની ચીન બાબતની સમિતિએ કહ્યું કે ભારતને નિયંત્રણમાં રાખવા ચીન પાકિસ્તાનને મદદ કરવાની વ્યુહરચના અપનાવે છે

ભારતને ભીંસમાં લેવા ચીને એલએસી પર ગતિવિધિઓ વધારી અને ભારત માટે જરૂરી પુરવઠામાં અવરોધો ઉભા કર્યા

ચીનનો સામનો કરવા માટે ભારત સાથે સહકાર વધારવાની આ સમિતિની ભલામણ

વૉશિંગ્ટન, તા. 21 : અમેરિકાની એક સંસદીય સમિતિએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ચીને પાકિસ્તાનને આપેલું સૈન્ય સમર્થન એ ભારતના ઉદયને દબાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ હતો. 'યુએસ-ચાઇના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યુ કમિશન'એ તેના વાર્ષિક અહેવાલમાં એ વાત પર પણ ભાર મૂક્યો છે કે ચીન ભારતને નિયંત્રણમાં રાખવા માટે સરહદ પર સૈન્ય દબાણ અને ઔદ્યોગિક પુરવઠા પરના નિયંત્રણોનો ઉપયોગ કરી રહ્યું છે.

અહેવાલમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતને ભીંસમાં લેવા માટે ચીને વાસ્તવિક અંકુશ હરોળ(એલએસી) પર પોતાની ગતિવિધિઓ વધારી અને ચીન પર ભારતની નિર્ભરતાનો લાભ ઉઠાવીને જરૂરી વસ્તુઓના પુરવઠામાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો. ચીનની આવી રણનીતિનો સામનો કરવા માટે કમિશને અમેરિકા અને ભારત વચ્ચે ગુપ્તચર માહિતી, દરિયાઈ સુરક્ષા અને ઉત્પાદન(મેન્યુફેક્ચરિંગ) ક્ષેત્રે વધુ ગાઢ સહયોગ સાધવાની હાકલ કરી છે. પોતાના અહેવાલમાં આ સમિતિએ એશિયામાં ચીનનો સામનો કરવામાં ભારતના મહત્વને સ્પષ્ટપણે દર્શાવ્યું છે. આ સમિતિએ ભારતને અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી ગણતરીની શક્તિઓમાંની એક ગણાવ્યું છે, જે એશિયામાં સત્તાનું સાનુકૂળ સંતુલન ઊભું કરી શકે છે. આ ઉપરાંત, ભારતને ચીનના ઉત્પાદન અને સપ્લાય ચેઇનના એક મુખ્ય વિકલ્પ તરીકે પણ ઓળખાવવામાં આવ્યું છે. સીધી અમેરિકી કોંગ્રેસને રિપોર્ટ કરતી આ સમિતિએ કહ્યું, "ભારત અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી જૂજ શક્તિઓમાંની એક છે, જે ચીન સાથેની લાંબા ગાળાની સ્પર્ધાને

...અનુસંધાન પાના 11 પર



જર્મનીના ડાઉનટાઉન બ્રેમેનમાં ઉચ્ચ શિક્ષણ અને શિક્ષણ નીતિમાં સુધારાની માંગણી સાથે તથા ફરજિયાત લશ્કરી સેવાના વિરોધમાં પ્રદર્શનકારીઓ કૂચ કરી રહ્યા છે. યુરોપના અનેક દેશોમાં આવી રેલીઓ યોજાઇ રહી છે ત્યારે શુક્રવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ જર્મનીના ફ્રેન્કફર્ટમાં પણ અપૂરતા ભંડોળ ધરાવતી શાળાઓ, શિક્ષણ, સામાજિક સેવાઓ, સંસ્કૃતિ અને આરોગ્ય સંભાળમાં કાપ, વધતા જતા જીવનનિર્વાહના ખર્ચ અને ફરજિયાત લશ્કરી ભરતી વિરુદ્ધ એક કૂચ કાઢવામાં આવી હતી જે સમયે સખત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ભારતના 7% GDP ગ્રોથનો હવાલો આપી ટ્રમ્પની યુએસ ફેડ પર ટીકા

વોશિંગ્ટન ડીસી, તા.૨૧: ભારતના ૭ ટકા જીડીપી વૃદ્ધિ દર અને તેની મધ્યસ્થ બેંકના નીચા વ્યાજ દરોનો હવાલો આપતા, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઉધાર લેવાના ખર્ચ ઊંચા રાખવા બદલ અમેરિકન મધ્યસ્થ બેંકની ટીકા કરી હતી અને દલીલ કરી હતી કે જો વ્યાજ દરો ઘટાડવામાં આવે તો અમેરિકાનું અર્થતંત્ર ૧૫ થી ૨૦ ટકા વૃદ્ધિ હાંસલ કરી શકે છે.

વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વ પર "ખૂબ જ રાજકીય" હોવાનો

...અનુસંધાન પાના 11 પર

મણિપુર: લઠ્ઠાકાંડમાં 16નાં મોત

ઈમ્ફાલ, તા. 21 (PTI). મણિપુરમાં લઠ્ઠાકાંડમાં શનિવારે વધુ 3 વ્યક્તિઓનાં મોત થતાં મૃત્યુઆંક વધીને 16 પર પહોંચી ગયો છે.

ઝેરી દારૂ પૂરો પાડવામાં કથિત સંડોવણી બદલ 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આઈજીપી થેમથિંગ નગાહસાંગવાએ જણાવ્યું હતું કે, મણિપુરના ચંદેલ જિલ્લામાં 18 નવેમ્બરથી કથિત રીતે ઝેરી દારૂ પીધા બાદ અંદાજે 600 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતાં આઈજીપીએ જણાવ્યું હતું કે, "ચંદેલ જિલ્લામાં કુલ મૃત્યુઆંક 16 થયો છે. આ ઉપરાંત, લગભગ 600 લોકો વિવિધ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે."

મૃતકો અને બીમાર પડેલા લોકો ચંદેલ જિલ્લાના ચકપીકારોંગ પેટા-વિભાગ અને તેની આસપાસના વિસ્તારોના રહેવાસી છે.

આઈજીપીએ જણાવ્યું હતું કે, "અમે આ કેસના સંબંધમાં 6 લોકોની ધરપકડ કરી છે. અમે દારૂના મૂળ સ્ત્રોતને શોધવાનો પણ પ્રયાસ કરી રહ્યા છીએ."

જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, આબકારી અને આરોગ્ય વિભાગની વિવિધ ટીમોએ ચંદેલના સુગ્નુ અને ચકપીકારોંગની સ્થળ મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા તેમજ રાહત કામગીરીનું સંકલન કરવા માટે અસરગ્રસ્ત લોકો જ્યાં સારવાર લઈ રહ્યા છે તે હોસ્પિટલોની મુલાકાત લીધી હતી.

પોલીસના એક નિવેદનમાં

...અનુસંધાન પાના 11 પર

કુશળ કામદારોની રોજગારી એઆઈ છીનવી શકશે નહીં: મોદી

ભારત હવે વિશ્વની કુશળતા રાજધાની બનવા તરફ આગળ વધી રહ્યું છે



લખનૌ, તા. ૨૧(પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ જે વ્યક્તિ પાસે કૌશલ્ય છે, તેની રોજીરોટી કોઈ છીનવી શકતું નથી.

અહીંના ઇન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે પાંચમા 'રાષ્ટ્રીય કૌશલ્ય દીક્ષાંત સમારોહ'ને સંબોધતા વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે આક્રમણખોરોએ ભારતના પરંપરાગત કૌશલ્ય માળખાને નુકસાન પહોંચાડ્યું હતું અને પરંપરાગત કારીગરીને નિશાન બનાવી હતી, અને ત્યારબાદ અંગ્રેજોએ કારકુનો પેદા કરવા પર કેન્દ્રિત શિક્ષણ પ્રણાલી દાખલ કરી હતી. પરંતુ સમય બદલાઈ રહ્યો છે અને ભારત વિશ્વનું 'સ્કિલ કેપિટલ' બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું.

મોદીએ કહ્યું, જ્યારે આક્રમણખોરો ભારતમાં આવ્યા ત્યારે તેમનો પહેલો હુમલો આપણા કૌશલ્ય પર હતો. તેઓ જાણતા હતા કે ભારતીયોની કારીગરી દેશને મહાન અને સમૃદ્ધ બનાવી રહી છે, અને તેમણે કારીગરોના અંગૂઠા કાપીને તેને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું, અંગ્રેજો વધુ ચતુર હતા. તેમણે પોતાની રીતો બદલી. લોર્ડ મેકોલેએ એવી શિક્ષણ પ્રણાલી લાદી જેણે આપણી કૌશલ્ય-આધારિત પ્રણાલીને માત્ર કારકુનો પેદા કરવા સુધી સીમિત કરી દીધી. તેમણે કહ્યું કે આઝાદી પછી પણ કારકુની નોકરીઓ પર જ ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે કૌશલ્ય વિકાસ અને પરંપરાગત કારીગરી સતત પાછળ ધકેલાતી રહી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નોકરીઓ છીનવી લેશે તેવી વધતી જતી ચિંતા અંગે મોદીએ કહ્યું, AI વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ યાદ રાખો કે જે વ્યક્તિ પાસે કૌશલ્ય છે તેની રોજીરોટી કોઈ છીનવી શકતું નથી. તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વનું સ્કિલ કેપિટલ બનવા તરફ આગળ વધી રહ્યું છે.

અમેરિકાની કોર્ટે ડોવલ, ગોયલને નવેસરથી સમન્સ મોકલ્યા

એનએસએ અજીત ડોવલ અને રોના ભૂતપૂર્વ વડા સામંત ગોયલને અમેરિકી કોર્ટમાં હાજર થવાનું તેડું

શીખ અલગતાવાદી પન્નુનના કેસમાં અગાઉ સમન્સ મોકલ્યા હતા જેની બજવણી ભારત સરકારે નહીં કરતા હવે દિલ્હીની અદાલતોના માધ્યમથી સમન્સની બજવણી કરાવવાનો પ્રયાસ

વોશિંગ્ટન, તા. 21 (PTI): ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુન સાથે સંકળાયેલા એક કેસમાં અમેરિકાની એક અદાલતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(RAW)ના ભૂતપૂર્વ ડિરેક્ટર સામંત ગોયલને સમન્સ મોકલ્યા છે.

પન્નુન વિવિધ આતંકવાદી આરોપો હેઠળ ભારતીય તપાસ એજન્સીઓ માટે વોન્ટેડ છે. સધર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ ન્યૂયોર્કના ક્લાર્કે જણાવ્યું હતું કે આ સમન્સ શુક્રવારે ફેડએક્સ મારફતે નવી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ, તીસ હજારી કોર્ટ અને દ્વારકા ડિસ્ટ્રિક્ટ કોર્ટને મોકલવામાં આવ્યા હતા. ૧૩ નવેમ્બરના રોજ, સધર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ ન્યૂયોર્કે હેગ કન્વેન્શનનો હવાલો આપીને ડોભાલ અને ગોયલને સમન્સ જારી કરવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ કેથરિન પોલ્ક ફૈલા દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું હતું કે, અદાલત આ કોર્ટ સમક્ષ પડતર આ દીવાની દાવામાં પ્રતિવાદીઓ પર કાનૂની પ્રક્રિયાની બજવણી કરવા માટે ભારતીય અદાલતોની સહાયની આદરપૂર્વક વિનંતી કરે છે.

ન્યાયાધીશ ફૈલાએ હેગ કન્વેન્શન અને ભારતીય સિવિલ પ્રોસિજર કોડની સંબંધિત કલમોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે વિદેશી અદાલતો ભારતીય અદાલતોના માધ્યમથી ડોભાલ અને ગોયલને સમન્સ બજાવી શકે છે. ભારતીય સિવિલ પ્રોસિજર કોડ ભારતની કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચના દ્વારા નિયુક્ત કરાયેલી વિદેશી સિવિલ કોર્ટ દ્વારા જારી કરાયેલા સમન્સને ભારતીય અદાલતોમાં મોકલવાની અને તે અદાલતો દ્વારા જ જારી કરાયા હોય તે રીતે તેની બજવણી કરવાની પરવાનગી આપે છે. આદેશમાં જણાવાયું છે કે હેગ કન્વેન્શન હેઠળ ભારતની કેન્દ્રીય સત્તા મારફતે સમન્સ બજાવવાનો સામાન્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેને નકારી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ અદાલતે હેગ કન્વેન્શનની કલમ ૧૯ અને ભારતના સિવિલ પ્રોસિજર કોડ હેઠળ વૈકલ્પિક રીતે સમન્સ બજાવવાની મંજૂરી આપી હતી.

પ્રતિબંધિત સંગઠન 'શીખ્સ ફોર જસ્ટિસ'(SFJ)ના કાનૂની સલાહકાર પન્નુને પોતાની હત્યાના કથિત પ્રયાસ બદલ વળતરની માંગ કરતો આ સિવિલ દાવો દાખલ કર્યો છે. તેણે આરોપ લગાવ્યો છે કે ડોભાલે ભારતની વિદેશી ગુપ્તચર એજન્સીની સંડોવણી સાથે તેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. ભારતે પન્નુનના દાવાને "મનઘડંત અને દૂષિત" ગણાવીને ફગાવી દીધો છે.

મેક્સિકોએ ખૂંખાર કાર્ટેલ બોસ અલ-ચાપો ઈસિડ્રોની ધરપકડ કરી

અમેરિકાની બાતમીના આધારે સિનાલોઆ રાજ્યના ગુઆસાવે શહેરમાં ખાસ લશ્કરી અભિયાન દ્વારા ધરપકડ કરાઇ

આ ધરપકડ પછી હિંસા અને તોફાનના દ્રશ્યો સર્જાયા, સિનાલોઆમાં લશ્કર ગોઠવાયું

મેક્સિકો સિટી, તા. 21: મેક્સિકોના સત્તાવાળાઓએ રાતોરાત મેક્સિકન રાજ્ય સિનાલોઆમાં "અલ ચાપો ઈસિડ્રો" તરીકે ઓળખાતા ટોચના કાર્ટેલ બોસ ફૌસ્ટો ઈસિડ્રો મેઝા ફ્લોરેસની ધરપકડ કરી છે. આ ધરપકડ પછી તેની કાર્ટેલના ટેકેદારોએ તોફાન અને હિંસાનો પણ આશરો લીધો હતો અને ધરપકડ તથા તેના પછીના સંજોગોના નાટકીય દ્રશ્યોના વીડિયો બહાર આવ્યા હતા.

મેક્સિકન સરકારે શનિવારે વહેલી સવારે એક અહેવાલમાં જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રની ગુપ્ત માહિતીથી સત્તાવાળાઓને તેને પકડવામાં મદદ મળી હતી, પરંતુ બંને દેશોએ કેવી રીતે સંકલન સાધ્યું તે અંગે બહુ ઓછી વિગતો આપી હતી. મેઝા ફ્લોરેસ FBIના ૧૦ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓમાંનો એક હતો અને "બેલ્ટ્રાન લેવા" ગુનાહિત સંગઠનનો ટોચનો કાર્ટેલ નેતા હતો. અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી કરવા અને ગેરકાયદેસર રીતે હથિયારો રાખવા બદલ તે વોન્ટેડ હતો.

સિનાલોઆના ગુઆસાવે શહેરમાંથી સામે આવેલા વીડિયો અને ફોટામાં-જ્યાંથી મેઝા ફ્લોરેસની ધરપકડ કરવામાં આવી હતી-ચિચિયારીઓ પાડતા નાગરિકો, બેઝબોલની રમત દરમિયાન ગોળીબારથી બચવા ભાગતા લોકો, સળગતી કાર અને



ગેસ સ્ટેશનો, તેમજ નીચે ઘર પર ગોળીબાર કરતા ચક્કર લગાવતા લશ્કરના હેલિકોપ્ટર જોવા મળે છે. પોતાના નેતાઓની ધરપકડ અથવા હત્યા બાદ કાર્ટેલો દ્વારા આ પ્રકારનું

...અનુસંધાન પાના 11 પર

પાકિસ્તાની મંત્રી મુસદ્દિક મલિકને તાજમહેલ સહિત 4 સ્થળોની મુલાકાતની મંજૂરી

હઝરત નિઝામુદ્દીન દરગાહ જવાની વિનંતી નકારી કાઢવામાં આ

નવી દિલ્હી, તા. 21 . બહુપક્ષીય કાર્યક્રમમાં હાજરી આપવા માટે નવી દિલ્હી આવેલા પાકિસ્તાનના આબોહવા પરિવર્તન મંત્રી મુસદ્દિક મલિકને સુરક્ષા સમીક્ષા બાદ આગ્રામાં તાજમહેલ, હુમાયુનો મકબરો અને દિલ્હીના અન્ય બે પ્રમુખ સ્થળોની મુલાકાત લેવાની પરવાનગી આપવામાં આવી છે. જોકે, સુરક્ષાના કારણોસર હઝરત નિઝામુદ્દીન દરગાહની મુલાકાત લેવાની તેમની વિનંતી નકારી કાઢવામાં આવી હોવાનું સરકારી સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું.

આ મંજૂરી એવા અહેવાલો બાદ આપવામાં આવી છે જેમાં સૂચવવામાં આવ્યું હતું કે 20થી 22 નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાઈ રહેલા પ્રથમ શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ) સિવિલાઈઝેશન્સ ડાયલોગ ફોરમ (સંસ્કૃતિ સંવાદ મંચ) સિવાયના અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવાની મલિકને પરવાનગી આપવામાં આવી નથી.

પાકિસ્તાન હાઈ કમિશને હઝરત નિઝામુદ્દીન દરગાહ ઉપરાંત મલિક માટે તાજમહેલ, દિલ્હી હાટ, હુમાયુનો મકબરો અને કિલા રાય પિથોરાની મુલાકાત લેવાની પરવાનગી માંગી હતી. સુરક્ષા સમીક્ષા બાદ સત્તાવાળાઓએ પ્રથમ ચાર સ્થળોની મુલાકાતને મંજૂરી આપી હતી, પરંતુ દરગાહની મુલાકાત માટેની પરવાનગી આપવામાં આવી નથી.

ભારત પહોંચ્યા બાદ મલિકે તેમની મુલાકાતને સંસ્કૃતિ પર બહુપક્ષીય સંવાદ કરવા માટેની એક ભવ્ય તક ગણાવી હતી.

મલિકે કહ્યું, "મને લાગે છે કે સંસ્કૃતિઓ અને સભ્યતાઓ સરહદોથી પર હોય છે, અને તે ખૂબ

...અનુસંધાન પાના 11 પર

તા.૨૧-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૦° સે.	૧૩.૪° સે.	૪૧%